ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ૬૭ ટકા વિસ્તારમાં ખરીફ વાવેતર

## કઠોળ, દિવેલા અને ગુવારની ખેતીમાં ખેડૂતો વ્યસ્ત બન્યા : મગફળીનું વાવેતર વધે તેવા સંકેત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સમયસરના ચોમાસાને પગલે ખરીફઋતુનું વાવેતર ૬૭ ટકા વિસ્તારમાં સંપન્ન થયુ છે. જિલ્લામાં આ વખતે મગફળીનું વિક્રમી વાવેતર થવાની સંભાવના છે.

જિલ્લામાં કઠોળ પાકો તેમજ દિવેલા, ગુવાર અને શાકભાજીના પાકોનું વાવેતર હાલના દિવસોમાં વધી રહ્યુ છે.

જિલ્લામાં ખરીફઋતુનું વાવેતર ૮૪,૩૫૯ હેક્ટરમાં સંપન્ન થયુ છે. સૌથી વધુ વાવેતર માણસામાં ૭૭.૦૩ ટકા તો દહેગામમાં ૭૬.૩૭ ટકા વાવેતર નોંધાયુ છે. સૌથી ઓછુ વાવેતર કલોલમાં ૪૧.૬૦ ટકા વિસ્તારમાં જ નોંધાયુ છે. જિલ્લામાં સૌથી ઓછો વરસાદ અત્યાર સુધીમાં કલોલ તાલુકામાં નોંધાયો છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં ખેડૂત આમ તો પ્રયોગશીલ લેખવામાં આવે છે પરંતુ ખેડૂતોએ આ વખતે પરંપરાગત ખેતીને અગ્રતા આપી છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૬૪૦૩ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૧૫૫૮ હેક્ટરમાં, જુવારનું વાવેતર ૨૧ હેક્ટરમાં, તુવેરનું વાવેતર ૨૮ હેક્ટરમાં, મગનું વાવેતર ૭૧૦ હેક્ટરમાં, મઠનું વાવેતર ૨૯૨ હેક્ટરમાં, અડદનું વાવેતર ૩૯૨ હેક્ટરમાં તેમજ અન્ય કઠોળનું ૩ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં તેલીબિયા સંવર્ગમાં મગફળીનું વાવેતર ૧૨,૧૬૫ હેક્ટરમાં, તલનું વાવેતર ૨૮૩ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૩૨૬૪ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૭૪ હેક્ટરમાં નોંધાયુ છે. કપાસનું વાવેતર ૨૨,૨૪૨ હેક્ટરમાં, જુવારનું વાવેતર ૨૪૪૭ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૦,૬૦૪ હેક્ટરમાં, મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૨૩,૮૪૩ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૬૯ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં દહેગામ તાલુકામાં ૩૧૦૮૯ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૨૦,૯૧૭ હેક્ટરમાં, કલોલમાં ૧૧૦૭૦ હેક્ટરમાં, માણસામાં ૨૧,૨૮૩ હેક્ટરમાં ખરીફ વાવણીનું વાવેતર સંપન્ન થયું છે.

# શહેરના પૂજા પાર્લરમાં ઢોકળાનો સ્વાદ માણતા એમેરિકન કોન્સ્યુલેટ જનરલ માઈક હેન્કી

ગાંધીનગર, તા. ૩૦

મહાત્મા મંદિરમાં યોજાયેલ સેમિકોન ઈન્ડિયા સમીટમાં ભાગ લેવા આવેલા અમેરિકન



કોન્સ્યુલેટ જનરલ માઈક હેન્ડીએ શહેરના સે. ૨૧માં આવેલ પૂજાપાર્લરમાં જઈ ઢોકળા, દહીવડા અને દહીપુરીનો સ્વાદ માણ્યો હતો.

મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહેલી બીજી સેમિકોન ઈન્ડિયા સમિટના પ્રારંભ પ્રસંગે અમેરિકન કોન્સ્યુલેટ જનરલ માઈક હેન્ડી ગાંધીનગરના અતિથી છે. તેઓ આજે પાટનગરની સહેલગાહે નીકળ્યા હતા.

સામાન્ય વ્યક્તીની માફક માઈક હેન્ડીને ગાંધીનગરાઓએ ફરતા જોઈ આશ્ચર્ય અનુભવ્યુ હતુ. હંમેશા વી.વી.આઈ.પી. કાફલા સાથે જોવા મળતા અમેરિકન કોન્સ્યુલેટ જનરલ માઈક હેન્ડી પૂજા-પાર્લરમાં પહોંચ્યા હતા.

અહિ તેમણે લાઈવ ઢોકળા, દહીવડા તેમજ દહીપુરી ખાધા હતા. ત્યારબાદ ઢોકળા અને દહીવડાના સ્વાદના ખૂબ વખાણ કર્યા હતા.

ભારતની મુલાકાત પૂર્વે તેમણે ગુજરાતી વાનગીઓનું સજેસન માગવા માટે ઈન્સ્ટ્રાગ્રામ પર પોસ્ટ મુકી તેમના ફોલોઅર્સ પાસે વાનગીઓની યાદી હતી. આ પોષ્ટ તેમના વતીથી યુ.એસ. કોન્સ્યુલેટ જનરલના મુંબઈ ડિવીઝને કરી હતી.

સેમિકાન સમીટ દરમ્યાન અમેરિકન કંપની ગુજરાતમાં ચીપ મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે જે નોંધનીય છે.

અમેરિકન કોન્સ્યુલેટ જનરલ માઈક હેન્ડીની સાદગી અને સરળતા ગાંધીનગરાઓને સ્પર્શી ગઈ હતી.

# આજથી જિલ્લામાં નારી વંદના સપ્તાહની ઉજવણીનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજથી નારીવંદના સપ્તાહની ઉજવણીનો આરંભ થશે. ૧લી ઓગષ્ટથી ૭ ઓગષ્ટ સુધી યોજાનાર આ સપ્તાહની ઉજવણી દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

સાત દિવસ દરમ્યાન સાત જુદી જુદી થીમ પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. ૧લી ઓગષ્ટના રોજ મહિલા સુરક્ષા થીમ પર નારીવંદના રેલી, ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અન્વયે જાગૃતતા સેમિનાર તેમજ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા સ્વબચાવના દાવનું નિદર્શન કરવામાં આવશે. ૨જી ઓગષ્ટના રોજ બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત કિશોરીમેળા, વ્હાલી દિકરી યોજનાના હુકમનું વિતરણ, નાટ્ય શૉ, જિલ્લાકક્ષાએ મહિલા રમતવીરો, કલાકારો, શિક્ષણક્ષેત્રે સિદ્ધિ મેળવાનાર દિકરીઓના સન્માનના કાર્યક્રમો યોજાશે.

૩જીના રોજ મહિલા સ્વાવલંબન થીમ પર મહિલાઓ માટે સ્વરોજગાર અને લોનમેળાનું આયોજન કરવામાં આવશે. ૪થી ઓગષ્ટના રોજ મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવશે. ૫મી ઓગષ્ટના રોજ મહિલા કર્મયોગી દિવસની ઉજવણી, ૬ઠ્ઠી ઓગષ્ટના રોજ મહિલા કલ્યાણ દિવસની ઉજવણી અને ૭મીએ મહિલા-બાળ આરોગ્ય દિવસની થીમ પર ઉજવણી કરવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા આ ઉજવણી માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે તેમજ વિવિધ વિભાગો સાથે સંકલનમાં રહી આ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

# આજે કલેક્ટરના અધ્યક્ષપદે મતદાન મથકોના પુનઃગઠન માટે મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૩૦

આજે જિલ્લામાં મતદાન મથકોના પુનઃગઠનને લઈ જિલ્લા કલેક્ટરશ્રી કોયાના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના આગેવાનો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

લોકસભાની ૨૦૨૪માં આવી રહેલ સામાન્ય ચૂંટણીઓને લઈ ચૂંટણીપંચ દ્વારા હાથ ધરવામાં આવેલ કવાયત અંતર્ગત મતદાન મથકોના પુનઃગઠનને લઈ આજે બેઠક યોજાશે.

મતદાન મથકોના પુનઃગઠન પૂર્વે જિલ્લાની પાંચેય વિધાનસભા મત વિસ્તારના ૧૩૫૦ મતદાન મથકોની સ્થળ ચકાસણી ચૂંટણી અધિકારીઓ દ્વારા સંપન્ન કરી લેવામાં આવી છે તેમજ જે નવા મતદાન મથકો બનવા જઈ રહ્યા છે તે સ્થળોની પણ મુલાકાત લેવામાં આવી છે.

રાજકીય પક્ષો દ્વારા આવી જ કવાયત જે વિસ્તારોના વિકાસ થયા છે અને મતદારોને બહુ દૂર ના જવુ પડે તે માટે કેટલાક સૂચનો પણ તંત્રને મોકલી આપવામાં આવ્યા છે. જેના પર આ બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવશે તેમજ તે પછી મતદાન મથકોના પુનઃગઠનની દરખાસ્ત તૈયાર કરી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને મોકલી આપવામાં આવશે.

આ બેઠકમાં હાલમાં ચાલી રહેલી મતદારયાદી સુધારણા ઝુંબેશને લઈ પણ ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે. આ બેઠક માટે રાજકીય પક્ષોએ હાલ તો તેમની કવાયત જે રીતે તેજ કરી છે તે નોંધનીય છે.

જિલ્લામાં હાલ જે મતદાન મથકો છે તેમાં ગાંધીનગર દક્ષિણ અને કલોલમાં થઈ ૧૦ મતદાન મથકો વધે તેવા સંકેતો છે જ્યારે ગાંધીનગર (ઉ)માં એકાદ બે મતદાન મથકો ઘટે અને કેટલાક મતદાન મથકો મર્જ કરવામાં આવે તેવા સંકેતો છે. માણસા અને દહેગામમાં ખાસ કરીને બહુ ઓછા ફેરફારો થવાની સંભાવનાઓ છે. જોકે અહિ પણ મતદાન મથકો મર્જ કરવાના થશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા ચૂંટણી તંત્રએ પણ આ બેઠકને લઈ તેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

# વરસાદી સંજોગોમાં ભયજનક ઈમારતો દુર કરવા ગુડાની ચેતવણી

## નોટીસના અંતે જોખમી ઇમારત ઉતારવામાં નહી આવે તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે

ગાંધીનગર તા ૩૦

ચોમાસામાં વાવાઝોડા કે ભારે વરસાદ દરમિયાન જર્જરિત ઈમારતો પડી જવાથી જાનહાની થવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવી રહ્યાં છે. થોડા દિવસો અગાઉ જૂનાગઢમાં પણ એક ઘર પડી જતાં જાનહાની થઈ હતી આવા બનાવો અટકાવવા માટે ગુડાનું તંત્ર પણ જાગૃત થયું છે દ્વારા ગુડા વિસ્તારમાં અસ્તિત્વ ધરાવતી ભયજનક ઈમારતો દુર કરવા નોટીસ આપવાનું શરૂ કરાયું છે . જ્યારે બેદરકારીના લીધે દુર્ઘટના કે જાનહાની થાય તો તેવા કિસ્સામાં મિલ્કતના માલિક કે કબ્જેદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે

ગુડા ના મુખ્ય કારોબારી અધિકારી દ્વારા આ મામલે નોટિસમાં જણાવ્યા મુજબ સતામંડળના વિસ્તારમાં સ્થિત તમામ મિલકતધારકો અને કબ્જેદારોએ ચોમાસા દરમિયાન વાવાઝોડા કે અતિભારે વરસાદના સંજોગોમાં સુરક્ષાના પગલાં લેવાના રહેશે આ અન્વયે માલિકીની મિલકત તેમજ કબ્જા, ભોગવટા હેઠળની બંધ મિલકત પણ જો જીર્ણ અથવા ભયજનક સ્થિતિમાં હોય તો તાત્કાલીક સાવચેતી અને સુરક્ષાના પગલા લેવાના રહેશે. આવી ઈમારતોને તુરંત ઉતારી લેવાની રહેશે અથવા તો સુરક્ષા માટે જરૂરી સમારકામ કરાવી લેવાનું રહેશે.સાવચેતીના પગલા ન લેવામાં આવે તો મિલ્કત, ઈમારત ધરાશાયી

● અનુસંધાન પાન-૭ પર

# આજે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ મુલાકાત માટે મળશે નહિ

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રીશ્રી દર સપ્તાહ ના પહેલા બે દિવસ એટલે કે પ્રતિ સોમવાર અને મંગળવારના દિવસોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી કાર્યાલયમાં નાગરિકો, પ્રજાજનો, જનપ્રતિનિધિઓ ને મુલાકાત આપતા હોય છે. આ સોમવાર ૩૧ જુલાઈએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના પૂર્વ નિર્ધારિત અન્યત્ર રોકાણો ને કારણે લોકોને મુલાકાત માટે મળી શકશે નહી.

# ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું

ગાંધીનગર, તા.૩૦

મહેસાણાના ધરોઈ ડેમમાંથી પાણી છોડાયું છે. ધરોઈ ડેમમાંથી ૪૦૦૦ ક્યુસેક પાણી છોડાયું છે. ધરોઈ ડેમનો એક ગેટ ખોલવામાં આવ્યો છે. જેના પગલે સાત જિલ્લાના કલેક્ટરને એલર્ટની જાણ કરાઈ છે. સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠા, ખેડા, આણંદ, મહેસાણા જિલ્લાને એલર્ટ સ્ટેજની જાણ કરાઈ છે.

બીજી બાજુ, વધુ વરસાદ થાય તો આઉટફ્લોમાં વધારો થઈ શકે છે. જેના પગલે નીચાણવાળા વિસ્તારોને સલામત સ્થળે ખસવા સૂચના અપાઈ છે. ધરોઈ ડેમની કુલ ૬૨૨ સપાટી સામે ૬૧૯ ફૂટ સુધી ભરાશે. ચાલુ માસે સપાટી ૬૧૯ ફૂટ સુધી ભરવા મંજૂરી મળી છે. હાલમાં ડેમની જળ સપાટી ૬૧૮.૩૮ ફૂટે પહોંચી છે. જ્યારે ડેમનો જળ સ્ટોક ૮૬.૨૦% થયો છે. ધરોઈ ડેમમાંથી આજે પાણી છોડવામાં આવ્યું છે. ૪૦૦૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં

● અનુસંધાન પાન-૭ પર

# જમીનધારકોના કબજાહક્ક પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા વસૂલીને નિયમબદ્ધ કરાશે

## ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ અન્વયે પારદર્શી-સરળ વહીવટી સુશાસનને વધુ વેગ આપતો મુખ્યમંત્રીનો અભિગમ

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઈનામ નાબૂદી કાયદાઓ હેઠળની જમીનોના કબજાહક્ક નિયમબદ્ધ કરવા અંગે એક મહત્ત્વપૂર્ણ ખેડૂતહિતકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકાર આવા જમીનધારકોના કબજાહક્ક પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા વસૂલીને નિયમબદ્ધ કરશે.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અન્વયે પારદર્શી-સરળ વહીવટી સુશાસનને વધુ વેગ આપતો મુખ્યમંત્રીનો અભિગમ જોવા મળ્યો. ઈનામ નાબૂદી કાયદા હેઠળની જમીનોના કબજાહક્ક વર્તમાન જંત્રીના ૨૦ ટકા કિંમત વસૂલીને નિયમબદ્ધ કરાશે. આવા જમીનધારકોના કબજાઓ નિયમબદ્ધ કરવાની સંપૂર્ણ સત્તા જિલ્લા કલેકટરને સોંપવામાં આવી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં મળેલી રજૂઆતોમાં જણાવવામાં આવ્યું હતું કે, આઝાદી બાદ ભૂમિ સુધારણા કાર્યક્રમના ભાગ રૂપે જમીનોના ખેડનારને તેના હક્કો મળી રહે અને મધ્યસ્થીઓ નાબૂદ થાય તે હેતુથી વિવિધ ઈનામ નાબૂદી કાયદાઓથી ચાકરી, નોકરી, સલામી ભરવા જેવા વિવિધ ઈનામો નાબૂદ કરવામાં આવ્યા અને આવી જમીનોના ખેડનારને તેમની જમીનો પરત્વેના સ્વતંત્ર માલિકીહકકો આપવામાં આવ્યા છે.

આવા માલિકીહક્કો મેળવવા માટે સમયમર્યાદામાં કબજાહક્કની રકમ ભરવી અનિવાર્ય હતી, પરંતુ ખેડૂતો તેમની કાયદાની અજ્ઞાનતાના લીધે આ કબજાહક્કની રકમ નિયત સમયમર્યાદામાં ભરી શક્યા નથી, જેથી તેમને આ જમીનો પરના સંપૂર્ણ માલિકીહક્ક મળેલ નથી અને તેઓ લીટી નીચેના કબજેદાર તરીકે ચાલતા આવેલા છે.

એટલું જ નહીં, આવા લીટી નીચેના કબજેદારો દ્વારા જમીનો પરત્વે ઉત્તરોતર વેચાણો પણ કરવામાં આવેલ છે. આવા જમીનધારકોના કબજાઓ નિયમિત થયા ન હોવાના લીધે આવા કબજેદારો સરકારની ખેડૂતલક્ષી યોજનાઓના લાભોથી વંચિત રહી જવા પામતા હતા. તેમજ આવી જમીનોના તબદીલી અને હેતુફેરના સમયે ટાઈટલ ક્લિયરન્સના પ્રશ્નો બહોળી માત્રામાં ઉપસ્થિત થયેલા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ થયેલી રજૂઆતોના આધારે એવું પણ ધ્યાનમાં આવ્યું કે હાલના જમીનધારકોને આવી જમીનોના વિકાસ કાર્યો કરવામાં અવરોધ ઉપસ્થિત થતો હતો. તેથી તેઓએ રાજ્યમાં સુશાસનને વધુ વેગ આપતાં પારદર્શી અને સરળ

● અનુસંધાન પાન-૭ પર

# મતદારયાદી સુધારણા એપ ધીમી ગતિએ ચાલતાં બીએલઓ ત્રસ્ત થયા

ગાંધીનગર, તા. ૩૦

ચૂંટણીપંચ દ્વારા મતદારયાદી સુધારણા અભિયાન અંતર્ગત હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેમાં એપ ધીમી ચાલતી હોવાથી બુથ લેવલ ઓફિસર્સ દ્વારા ખુબ જ ધીમી કામગીરી ચાલી રહી છે.

પહેલીવાર ચૂંટણી પંચે મતદાર નોંધણી પણ ટેકનોલોજીના માધ્યમથી હાથ ધરવાનો નિર્ણય કરેલ છે. ૨૧-૭ થી શરૂ થયેલ આ અભિયાન માટે બુથ લેવલ ઓફિસર્સને ખાસ તાલિમ પણ આપવામાં આવી હતી.

જોકે પંચ દ્વારા બનાવવામાં આવેલ આ એપ અત્યંત ધીમીગતિએ કામ કરી રહેલ છે તેમજ એક જ ફોર્મ સબમીટ કરવા માટે ચાર થી પાંચ વાર તે સબમીટ કર્યા પછી તે ફોર્મ સબમીટ થાય છે. આ કામગીરીમાં ઓછામાં ઓછો ૧૫ થી ૨૦ મિનિટ જેટલો સમય લાગતો હોવાથી બુથલેવલ ઓફિસર્સ થાકી અને ત્રસ્ત થયા છે.

૨૧મી ઓગષ્ટ સુધી આ મતદારયાદી સુધારણા અભિયાન ચાલવાનું છે. બુથલેવલ ઓફિસર્સ દ્વારા આ અંગે તંત્રને પણ રજુઆતો કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મતદારયાદી સુધારણા અભિયાન હાલ જિલ્લામાં ખુબ ધીમી ગતિએ ચાલી રહ્યુ છે તો ક્યાંક શિક્ષકોએ આ કામગીરીનો બહિષ્કાર કર્યાની વાતો પણ ચર્ચામાં છે. પંચ દ્વારા આગામી દિવસોમાં આ ઝુંબેશને સઘન બનાવવા શુ પગલાં લેવામાં આવશે તે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી રહ્યા છે.



વરસાદી માહોલ - ગાંધીનગરમાં આજે દિવસભર વાદળોની આવનજાવન જોવા મળી હતી... ક્યારેક વાદળો વરસાદી છાંટા પાડને જતા રહેતા હતા... તો ક્યારેક વાદળો હટતા સૂર્યનારાયણના દર્શન થતાં હતા... આજે દિવસ દરમિયાન વરસાદી માહોલ રહેતા રજાના દિવસે નગરજનો બહાર નિકળવાનું ટાળતા હતા... છતાં સાંજના સમયે નગરજનો ખરીદી કરવા અને લટાર મારવા નિકળ્યા હતા...

# ગુજરાત પોલીસ હવે નવા વેશમાં જોવા મળી શકે છે

## અંગ્રેજોના જમાનાનો ખાખી યુનિફોર્મ બદલાશે : ૩૫થી વધુ શહેરોમાં ફરજ બજાવતા ૭ હજારથી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ પાસેથી અભિપ્રાય લેવાયા

ગાંધીનગર, તા.૩૦

પોલીસની વાત આવે એટલે બહુચર્ચિત ફિલ્મ શોલેનો ડાયલોગ યાદ આવી જાય. હમ અંગ્રેજો કે જમાને કે જેલર હૈ. આ વાક્ય મહદઅંશે આજે પણ યોગ્ય લાગે છે. કારણ કે, ગુજરાત પોલીસ બ્રિટિશકાળથી ચાલી આવતો ખાખી કલરની વર્દી પહેરે છે. હવે સમય આવી ગયો બદલાવનો. ગુજરાત પોલીસની છબીની સાથે હવે યુનિફોર્મ બદલવાની પણ જરૂર પડી છે. અંગ્રેજોના સમયની ગુજરાત પોલીસની યુનિફોર્મમાં હવે ફેરફારો કરાશે.

ગાંધીનગર સહિત પાંચ જિલ્લાના ૭ હજાર પોલીસકર્મીનો સર્વે કરાયો છે. ત્યારે હવે જલ્દી જ ગુજરાત પોલીસના જવાનો નવા રૂપ-રંગમાં જોવા મળશે. ૧૮૪૭ થી ભારતીય પોલીસ ખાખી રંગની વર્દી પહેરે છે. જે અંગ્રેજોના જમાનાનો ડ્રેસ છે. પોલીસની ઓળખ એટલે ખાખી વર્દી. બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ મોડર્નાનાઈઝેશન દ્વારા આ અગાઉ પોલીસના વર્તમાન ડ્રેસને બદલવાની ભલામણ કરાઈ હતી. ખાખી રંગ અસલમાં ધૂળ-માટીનો રંગ છે. ૧૮૪૭માં સર હેરી લમ્સડેને સત્તાવાર રીતે ખાખી રંગની વરદી અપનાવી. એ જ સમયથી ભારતીય પોલીસમાં ખાખી રંગની વરદી સામેલ થઈ. બસ, ત્યારથી આ વર્દી પોલીસની ઓળખ બની ગઈ.

ખાખી વર્દી બદલવા માટે મોટાપાયે સરવે કરાયો છે. જાણીતી અનંત નૅશનલ યુનિવર્સિટનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ભવ્યા રાણા અને તેમની ટીમ દ્વારા આ સરવે હાથ ધરાયો હતો. જેમાં ૩૫થી વધુ શહેરોમાં ફરજ બજાવતા વિવિધ રેન્કનાં ૭ હજારથી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ પાસેથી

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુર-રાંધેજા માર્ગને ફોરલેન કરવા માટે ૨૨ કરોડનો ખર્ચ કરાશે

## ૩ કી મી ના આ માર્ગને પહોળો કરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે : ટ્રાફિકની અવરજવર સલામત અને સરળ બનશે : સ્થાનિકોની લાંબા સમયની માંગણીનો અંત આવશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક દાયકાથી મેગાસીટીની જેમ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. શહેરના માર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. જેના લીધે શહેરના માર્ગોનુ રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવ્યુ છે. બીજીતરફ જિલ્લાના માર્ગો પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેને અનુલક્ષીને જિલ્લામાં વિવિધ જંકશનને જોડતા માર્ગોનુ પણ તબક્કાવાર રીસરફેસીંગ અને વાઈડનીંગ કરવામાં આવી રહ્યુ છે. પેથાપુર રાંધેજા માર્ગને પણ હવે ફોરલેન કરવામાં આવશે. આ માર્ગ હાલ ૧૦ મીટરનો છે. જેને ૧૬ મીટર પહોળો કરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. ૩ કી મીના આ માર્ગના વાઈડનીંગ માટે અંદાજિત રૂ ૨૨ કરોડનો ખર્ચ નિયત કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. શહેરના તમામ માર્ગો સિકસલેન કરી દેવાયા છે. જયારે છેલ્લે ગ માર્ગને પણ સિકસલેન કરવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. એકબાજુ વિકાસની બદલાતી રૂપરેખા વચ્ચે શહેરમાં વસતીની સાથે વાહનોની સંખ્યા પણ વધી છે. જેના લીધે માર્ગો પર પીક અવર્સ દરમિયાન ઠેર ઠેર મેગા સીટીની જેમ ટ્રાફિક જામ જોવા મળે છે. જેના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં પણ ટ્રાફિકનો આખો દિવસ ધમધમાટ જોવા મળે છે. આ ઉપરાંત જિલ્લાને જોડતા અન્ય માર્ગો પર પણ ટ્રાફિકની અવરજવર વધી છે. જેથી માર્ગ સલામતીના પરિબળો યોગ્ય કરવા તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવુ પડે તેમ છે. આ સ્થિતિ વચ્ચે માર્ગો આસપાસ સ્થિત ગ્રામજનો દ્વારા પણ માર્ગોને અપગ્રેડ કરવા માટે રજુઆત કરવામાં આવતી હોય છે. જેને અનુલક્ષી આગામી ચોમાસા બાદ પણ જિલ્લાના ઘણાં ખરા માર્ગોની હાલત સુધારવા માટે પણ રીસરેસીંગ તેમજ વાઈડનીંગનુ કામ હાથ ધરવા કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. છેલ્લા એક દાયકાથી જેમ ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. તેમ જિલ્લાના વિવિધ માર્ગો પર પણ ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. ગામોના વિકાસની સાથે વાહનોની સંખ્યા પણ વધી છે જેના લીધે રોડ નેટવર્ક અપગ્રેડ કરવાની પણ અનિવાર્યતા છે. શહેર આસપાસના વિસ્તારમાં મુખ્ય મથકો સાથે જોડાયેલા રસ્તાઓના વાઈડનીંગ કરવા માટે પણ આયોજન કરાયુ છે. જે અન્વયે પેથાપુર રાંધેજા માર્ગના વાઈડનીંગ માટે પણ લાંબા સમયથી રજુઆત કરવામાં આવતી હતી આ માર્ગ હાલ ૧૦ મીટરનો છે. જયારે આ માર્ગને ફોરલેન કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. પેથાપુર રાંધેજા વિસ્તારના ૩ કી મી માર્ગને ૧૦ મીટરમાંથી ૧૬ મીટર પહોળો કરવા માટે કામ હાથ ધરવામાં આવશે. જયારે આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત ૨૨ કરોડનો ખર્ચ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com